ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



ભક્તોની આસ્થાને ઠેસ પહોંચે તેવી સ્થિતિ, નગરપાલિકા તંત્ર સામે રોષ

## શ્રાવણ પૂર્વે ડભોઈના વાઘનાથ મંદિર પાસે ગંદકી-ખાડાનું સામ્રાજ્ય

**શ્રાવણમાં** ભક્તોની ભીડ વધશે, છતાં વાઘનાથ મંદિર આસપાસ સફાઈનો અભાવ



(પ્રતિનિધિ) ડભોઈ, તા.11

હિન્દુ તહેવારોની શરૂઆત સાથે તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ને ગુરુવારથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે ડભોઇ નગરના માં આવેલા પૌરાણિક વાઘનાથ મહાદેવ મંદિર આસપાસ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતાં તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. મંદિર તરફ જતા માર્ગ પર ઠેર-ઠેર મસમોટા ખાડા તેમજ કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે.

શ્રાવણ માસ દરમિયાન વાઘનાથ મંદિરે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે મંદિર આસપાસની આ પ્રકારની ગંદકી અને બિસ્માર માર્ગની સ્થિતિને પગલે ભક્તોની લાગણી દુભાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ નગરપાલિકાના નગરસેવકો અને તંત્ર આ ગંભીર સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

મંદિર જેવા પવિત્ર સ્થળની આસપાસ કચરાના ઢગલા અને ખાડાઓના કારણે શ્રદ્ધાળુઓમાં પણ નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિક રહીશોએ નગરપાલિકા તંત્ર સમક્ષ તાત્કાલિક ધોરણે ખાડાઓ પુરવા તેમજ કચરાના ઢગલાનો નિકાલ કરી સમગ્ર વિસ્તારની સફાઈ કરાવવાની માંગ કરી છે.

શ્રાવણ માસ દરમિયાન ભક્તોની અવરજવર વધવાની છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે અને ગંદકીના કારણે કોઈ રોગચાળો ફેલાય તો તેની જવાબદારી કોની રહેશે ? તેવા સવાલો પણ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે!!

વકીલ વિરુદ્ધની ફરિયાદ મામલે ઉચ્ચ કક્ષાની તપાસની માંગ

## વકીલ સામેની ફરિયાદની નિષ્પક્ષ તપાસની માંગ સાથે બોડેલી બાર એસોસિએશન મેદાને

(પ્રતિનિધિ) બોડેલી, તા.11

વડોદરા બાર એસોસિએશન દ્વારા રજૂ કરવામાં આવેલી રજૂઆતના સમર્થનમાં બોડેલી બાર એસોસિએશન દ્વારા મહત્વપૂર્ણ પત્ર પાઠવી સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઉચ્ચ કક્ષાની તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

બોડેલી બાર એસોસિએશન દ્વારા જણાવ્યા મુજબ, વડોદરા બાર એસોસિએશન તરફથી મળેલી રજૂઆતમાં વકીલ હિતેશભાઈ ગુપ્તા તથા તેમના ધર્મપત્ની અને તેમના જુનિયર વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆતમાં પોલીસ ફરિયાદમાં



કરવામાં આવેલા આક્ષેપોની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવી ન હોવાનો મુદ્દો પણ રજૂ કરવામાં આવ્યો છે.

બોડેલી બાર એસોસિએશને વડોદરા બાર એસોસિએશનની માંગણીઓને સમર્થન આપતાં સમગ્ર પ્રકરણની ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ તપાસ કરાવવા અપીલ કરી છે. સાથે જ FIR નોંધાય તે પહેલાં અને ત્યારબાદ કરવામાં આવેલી તપાસની કાયદેસરતા અંગે પણ તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

વકીલો દ્વારા એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે, જો સંબંધિત પોલીસ અધિકારી દ્વારા કોઈ પ્રકારની બેદરકારી, પક્ષપાત અથવા સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોય તો તેમની સામે યોગ્ય વિભાગીય તથા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

બોડેલી બાર એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે સમગ્ર પ્રકરણમાં ઉપલબ્ધ દસ્તાવેજો, પુરાવા અને સાક્ષીઓના નિવેદનોના આધારે જ ન્યાયસંગત નિર્ણય લેવામાં આવે અને કોઈપણ વ્યક્તિ સાથે અન્યાય ન થાય તે માટે યોગ્ય તપાસ જરૂરી છે.

૪૫ મિનિટની જહેમત બાદ ફસાયેલા ડ્રાઇવરનો કરાયો બચાવ

## કરજણ નજીક એક્સપ્રેસ હાઈવે પર બે ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

**ફાયર** વિભાગ અને 108 દ્વારા ડ્રાઇવરને આમોદ હોસ્પિટલ ખસેડાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરાના માતર ટોલ પ્લાઝા નજીક એક્સપ્રેસ હાઈવે પર રવિવારે બે ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માતમાં એક ટ્રકનો ડ્રાઈવર કેબિનમાં ફસાઈ ગયો હતો. જેને કરજણ ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ બહાર કાઢી 108 મારફતે હોસ્પિટલ ખસેડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટથી ફ્લિપકાર્ટ કુરિયર સર્વિસીસનો માલસામાન ભરીને એક ટ્રક સુરત તરફ જઈ રહી હતી. તે દરમિયાન માતર ટોલ પ્લાઝા નજીક આગળ ઉભેલી ટ્રકની પાછળ ધડાકા ભેર બીજી ટ્રક અથડાઈ હતી. અકસ્માતની જાણ એક્સપ્રેસ હાઈવે ઓથોરિટી દ્વારા તાત્કાલિક કરજણ ફાયર વિભાગના કંટ્રોલરૂમને કરવામાં આવી હતી. અકસ્માત બાદ પાછળની ટ્રકનો ડ્રાઈવર કેબિનમાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ કરજણ ફાયર વિભાગના ફાયર ફાઈટરો ઈમરજન્સી રેસ્ક્યુ ટેન્ડર સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. ફાયર વિભાગની ટીમે આશરે 45 મિનિટ સુધી ભારે જહેમત ઉઠાવી હાઈડ્રોલિક ઈક્વિપમેન્ટની મદદથી ક્ષતિગ્રસ્ત ટ્રકને કાપીને ડ્રાઈવરને સહી સલામત બહાર કાઢ્યો હતો. બાદમાં ઈજાગ્રસ્ત ડ્રાઈવરને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે આમોદ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતના કારણે એક્સપ્રેસ હાઈવે પર થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## કરખડી કેનાલ રોડ પર પેટ્રોલિયમ કંપનીમાં કર્મચારીનું અચાનક મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.11

વડુ પોલીસ સ્ટેશનમાં અ.મોત નં. 32/2026 હેઠળ બી.એન.એસ.એસ.ની કલમ 194 મુજબ નોંધાયેલી વિગતો અનુસાર કરખડી કેનાલ રોડ ખાતે આવેલી ક્યુબેક પેટ્રોલિયમ કંપનીમાં નાઈટ શિફ્ટ દરમિયાન એક કર્મચારીનું અચાનક મોત થયું હતું. મળતી માહિતી મુજબ અરવિંદભાઈ માનસંગભાઈ પરમાર (ઉ.વ. 62), રહે. તીથોર, ધના વગો, તા. પાદરા, જી. વડોદરા ક્યુબેક પેટ્રોલિયમ કંપનીમાં નોકરી કરતા હતા. તા. 9 ઓગસ્ટના રોજ તેઓ નાઈટ શિફ્ટમાં ફરજ પર હાજર હતા. દરમિયાન અચાનક તેમને ગભરામણ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

ઢાંકના તાલે 'રાજીનું ગાયણું', ધરતીમાતા સહિત પ્રકૃતિના તત્વોનું પૂજન

## કુકરદા ગામે આદિવાસીઓએ પરંપરાગત રીતે દિવાસાનો તહેવાર ધામધૂમથી ઉજવ્યો

**દિવાસા** પર્વ બાદ દેવદિવાળી સુધી ખેતીકામમાં લાગી જાય છે ગ્રામજનો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.11

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના અંતરિયાળ કુકરદા ગામે આદિવાસી સમાજે દિવાસાના તહેવારની પરંપરાગત રીતે ઉજવણી કરી. આદિવાસીઓ માટે દિવાસો એ વર્ષની શરૂઆતનો ત્રીજો મુખ્ય તહેવાર ગણાય છે.

આદિવાસીઓ અખાત્રીજથી નવા વર્ષની શરૂઆત માને છે. અખાત્રીજ બાદ ખેતરમાં નિંદામણ કરતા પહેલા ઉજવાતો ઉજાણીનો તહેવાર આવે છે, અને ત્યારબાદ દિવાસો ત્રીજો સૌથી મોટો તહેવાર તરીકે ઉજવાય છે. આદિવાસી સમાજ પ્રકૃતિને પરમેશ્વર માને છે અને ધરતીમાતા, વાયુ, અગ્નિ, પાણી, મેઘ, નદીઓ, પર્વતો તેમજ પોતાના પૂર્વજોને દેવ માનીને પૂજે છે. દેવોને પ્રસન્ન કરવા માટે દિવાસાના આગલા દિવસે ઢાંક વગાડીને દેવોના નામ સાથે 'રાજીનું ગાયણું' કરવામાં આવે છે. આ ગાયણું ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ખેતીવાડી લીલીછમ રહે, વાવણીનો મબલખ પાક ઉતરે, તેમજ વર્ષ દરમિયાન ઢોરઢાંખર અને ઘરમાં સુખ-શાંતિ તથા સૌની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે કરવામાં આવે છે.

તહેવારની ઉજવણીમાં એક તરફ મોટલા પિહાની રમઝટ જામે છે, તો બીજી તરફ પુરુષો અને મહિલાઓ આખી રાત સુધી કુંડાળે ઘૂમીને ગરબા રમે છે. આદિવાસીઓના પૌરાણિક ગીતો આગવા લહેકા અને અંદાજમાં ગવાય છે, જેમાં લોકો ખૂબ નાચી-કૂદીને દિવાસાનો તહેવાર ઉજવે છે. દિવાસાના તહેવાર બાદ દેવદિવાળી આવે ત્યાં સુધી લોકો ફરીથી પોતાના ખેતીકામમાં લાગી જાય છે.

## ડબકા હાઈસ્કૂલની ખેલાડીઓનું જિલ્લા કક્ષાએ શાનદાર પ્રદર્શન



(પ્રતિનિધિ) પાદરા, તા.11

SGFI રમતોત્સવ અંતર્ગત વડોદરા જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ડબકા હાઈસ્કૂલ, ડબકાની ત્રણ ખેલાડી બહેનોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તથા ડબકા ગામનું ગૌરવ વધાર્યું હતું. અન્ડર-17 કેટેગરીમાં નવ્યા બેન પઢિયારે ગોળા ફેંક અને ચક્ર ફેંક બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી બેવડી સિદ્ધિ હાંસલ કરી હતી. જ્યારે શિલ્પાબેન પઢિયારે ચક્ર ફેંકમાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો.

## સાધલીમાં 'હર ઘર તિરંગા' અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ

**ભારત** વિદ્યાલયથી શરૂ થયેલી યાત્રા ગામના વિવિધ વિસ્તારોમાં ફરી



(પ્રતિનિધિ) શિનોર, તા. 11

શિનોર તાલુકાના સાધલી ખાતે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય અક્ષયભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી આ તિરંગા યાત્રામાં ગ્રામજનો, યુવાનો, મહિલાઓ અને બાળકો સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

'હર ઘર તિરંગા' અભિયાનનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના સાથે દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ પ્રબળ બનાવવાનો છે. આ અભિયાન અંતર્ગત સાધલી ખાતે ભારત વિદ્યાલયથી તિરંગા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રધ્વજ સાથે નીકળેલી આ યાત્રા ગામના વિવિધ વિસ્તારોમાં ફરી હતી.

તિરંગા યાત્રા દરમિયાન નાગરિકોએ હાથમાં રાષ્ટ્રધ્વજ લઈને 'ભારત માતા કી જય' સહિત દેશભક્તિના જયઘોષ કર્યા હતા. સમગ્ર યાત્રા દરમિયાન સાધલી ગામમાં દેશભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. યાત્રા થકી રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને દેશ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપવામાં આવ્યો હતો.

ફાઇનાન્સ કંપનીના નામે એડવાન્સ ફી લીધા બાદ ન લોન અપાવી રૂપિયા પણ પરત આપ્યા

## ૫ કરોડની લોનની લાલચે છોટાઉદેપુર સિવિલના ઓર્થોપેડિક સર્જન સાથે રૂ. ૫ લાખની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જનને ઓનલાઈન સર્ચ દરમિયાન સંપર્કમાં આવેલી વ્યક્તિએ ફાઈનાન્સ કંપનીના નામે રૂ.5 કરોડની લોન અપાવવાની ખાતરી આપી હતી. એક ટકા એડવાન્સ ફી તરીકે રૂ.5 લાખ RTGSથી મેળવ્યા બાદ બે દિવસમાં લોન કરાવવાની ખાતરી અપાઈ હતી. જોકે, સમય વીતી ગયો છતાં લોન તો મળી જ નહીં, સાથે ચૂકવેલા રૂ.5 લાખ પણ પરત ન મળતાં મામલો પોલીસ ફરિયાદ સુધી પહોંચ્યો છે.

ગોરવા વિસ્તારમાં શુભમ પાર્કમાં રહેતા અને છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જન તરીકે ફરજ બજાવતા મહેશ બાબુભાઈ વાઘેલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ લોન મેળવવા માટે ઓનલાઈન સર્ચ કરી રહ્યા હતા. દરમિયાન રીતુબેન નામની વ્યક્તિનો સંપર્ક થયો હતો. રીતુબેને તેમને રાજકોટના હાર્દિકકુમાર રણવીરભાઈ સોલંકીનો મોબાઈલ નંબર આપ્યો હતો.

હાર્દિકકુમારે પોતે એચ.આર. ફીનકોર નામની ફાઈનાન્સ કંપની ચલાવતો હોવાનું જણાવી ડોક્ટરને રૂ.5 કરોડની લોન અપાવવાની ખાતરી આપી હતી. લોનની પ્રક્રિયા માટે એક ટકા એટલે કે રૂ.5 લાખ એડવાન્સ ફી પેટે ચૂકવવાના રહેશે અને રકમ મળ્યા બાદ માત્ર બે દિવસમાં લોન મંજૂર કરાવી આપવાની વાત કરવામાં આવી હતી. વિશ્વાસ વધારવા માટે આ અંગેનો એગ્રીમેન્ટ પણ વોટ્સએપ મારફતે મોકલવામાં આવ્યો હતો. આ ખાતરી બાદ ડોક્ટરે 28 નવેમ્બર 2025ના રોજ પોતાના બેંક ખાતામાંથી હાર્દિકકુમારના બેંક ખાતામાં RTGS મારફતે રૂ.5 લાખ ટ્રાન્સફર કર્યા હતા.

જોકે, બે-ત્રણ દિવસ બાદ લોન અંગે પૂછપરછ કરતાં લોન મંજૂર ન થઈ હોવાનું જણાવી થોડા સમયમાં લોન કરાવી આપવાની ખાતરી આપવામાં આવી હતી. ત્યારબાદ પણ દિવસો પસાર થતા રહ્યા, પરંતુ લોનની કોઈ

## વડોદરા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં આઉટસોર્સિંગ કર્મચારીઓ સાથે અન્યાય

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ હેઠળ કાર્યરત વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા આઉટસોર્સિંગ કર્મચારીઓના રજાના પગારને લઈને એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. ટેન્ડરની સ્પષ્ટ શરતો હોવા છતાં કર્મચારીઓને મળવાપાત્ર રવિવાર તથા અન્ય રજાઓનો પગાર છેલ્લા ૩૩ મહિનાથી નિયમિતપણે ન ચૂકવાતા ૨ કરોડથી વધુની રકમનો ગફલો આચરવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. જિલ્લાના અલગ-અલગ આરોગ્ય કેન્દ્રોમાં સેવા આપતા આશરે ૩૦૦ જેટલા આઉટસોર્સિંગ કર્મચારીઓ ભોગ બન્યા છે. ટેન્ડરની શરતો મુજબ કર્મચારીઓને રવિવારની રજાનો પગાર મળવાપાત્ર હોવા છતાં, દર મહિને પ્રત્યેક કર્મચારીના પગારમાંથી અંદાજે ૨,૦૦૦ ઓછા ચૂકવવામાં આવ્યા છે.

## છોટાઉદેપુર જિલ્લામાં આજે એકસાથે યોજાશે 'હર ઘર તિરંગા યાત્રા'

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 11

સ્વાતંત્ર્ય પર્વની રાષ્ટ્રીય ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં દેશભક્તિનો સંચાર કરવાના ઉદ્દેશ્યથી "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા. ૧૨ ઓગસ્ટના રોજ 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાની પૂર્વ તૈયારીઓ અને સુચારુ આયોજન અંગે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એ 'તિરંગા યાત્રા'ની વિગતવાર ચર્ચા કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યે નાગરિકોમાં ગૌરવ, આદર અને દેશભક્તિની ભાવના વધુ દ્રઢ બને તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ એક જ સમયે સર્વસમાવેશક અને ભવ્ય તિરંગા



યાત્રા યોજવામાં આવશે. આ યાત્રામાં વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ, શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, પ્રજાપ્રતિનિધિઓ, એન.સી.સી., સ્વૈચ્છિક સંસ્થાઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાશે.

તિરંગા યાત્રાનો નિર્ધારિત રૂટ વિશે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે તિરંગા યાત્રાની શરૂઆત જિલ્લા સેવા સદન, છોટાઉદેપુર ખાતેથી નીકળી નગર પાલિકા, ફાયર સ્ટેશન - ક્લબ રોડ, સેન્ટર પોઈન્ટ, એસ.ટી. ડેપો, પેટ્રોલ પંપ ચાર રસ્તા થઈ કલેક્ટર ઓફીસ, જિલ્લા સેવા સદન, છોટાઉદેપુર ખાતે પૂર્ણ થશે.

૧૯૮૭માં બનેલી શાળાના બંને ઓરડા જર્જરિત

## કોલીયારીમાં જર્જરિત શાળાના ઓરડા, બાળકો મંદિરના હોલમાં ભણવા મજબૂર

**ધોરણ** 1 થી 5ના 27 બાળકોને ધાર્મિક કાર્યક્રમો વચ્ચે ભણવાની નોબત



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.11

છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકાના કોલીયારી ગામમાં શિક્ષણ તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. કોલીયારી પ્રાથમિક શાળા નં. 2 ના બે ઓરડા અત્યંત જર્જરિત થઈ જતાં સુરક્ષાના કારણોસર બાળકોને ગામના કબીર મંદિરમાં અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે.

વર્ષ 1987માં સ્થપાયેલી શાળાના ઓરડા પડવાના વાંકે વર્ષ 1987માં સ્થાપિત આ શાળાના બંને ઓરડાઓની દીવાલોમાં મોટી તિરાડો પડી ગઈ છે, જે ગમે ત્યારે ધરાશાયી થાય તેવી ભયજનક સ્થિતિમાં છે. કોઈ અકસ્માત ન સર્જાય તે માટે ગ્રામજનો અને શિક્ષકોએ જૂન મહિનાથી શાળાને કબીર મંદિરના હોલમાં ખસેડવાનો નિર્ણય લીધો હતો. ધાર્મિક કાર્યક્રમોથી બાળકોના અભ્યાસમાં ખલેલ હાલમાં ધોરણ 1 થી 5 ના કુલ 27 બાળકો મંદિરના હોલમાં બેસીને શિક્ષણ મેળવી રહ્યા છે. જોકે, મંદિરમાં અવારનવાર યોજાતા ધાર્મિક કાર્યક્રમોને કારણે બાળકોના અભ્યાસમાં ખલેલ પહોંચે છે અને શાળાનો સમય પણ બદલવો પડે છે.

નવા ઓરડાની કામગીરી શરૂ કરવાની માંગ શાળાની બિલ્ડિંગ જર્જરિત હોવા છતાં તંત્ર દ્વારા સમયસર સમારકામ કે નવા ઓરડા મંજૂર ન કરાતાં આદિવાસી બાળકો સુવિધાથી વંચિત રહ્યા છે.

## પાદરા એસટી ડેપો ખાતે સફાઈ અભિયાન યોજાયું



(પ્રતિનિધિ) પાદરા, તા.11

પાદરા એસટી ડેપો ખાતે સ્વચ્છતા જળવાઈ રહે અને મુસાફરોને સ્વચ્છ વાતાવરણ મળી રહે તે હેતુથી સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં પાદરા નગરપાલિકાના પ્રમુખ દિપેનભાઈ પંચાલ, કોર્પોરેટર નયનભાઈ ભાવસાર, કારોબારી ચેરમેન સંતોષભાઈ, સિક્યુરિટી ઓફિસર મયુરસિંહ રાણા, ડેપો મેનેજર એમ.એચ. ગાવીત, એ.ટી.આઈ. આર.એમ. પરમાર સહિત ડેપોના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત સૌએ ડેપો પરિસરની સફાઈ કરી સ્વચ્છતા અંગે જાગૃતિનો સંદેશ આપ્યો હતો. ડેપો પરિસર સ્વચ્છ અને સુઘડ રહે તે માટે નિયમિત સફાઈ તથા સ્વચ્છતા જાળવવા સૌને અપીલ કરવામાં આવી હતી. સફાઈ અભિયાનમાં ડેપોના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ 'સ્વચ્છ ડેપો, સ્વચ્છ પાદરા'નો સંદેશ આપ્યો હતો.

સ્પેશિયલ ટ્રેનને મુસાફરોનો સારો પ્રતિસાદ મળતાં કાયમી કરવાની માંગ ઉઠી

## વડોદરાથી મહાડ-પોલાદપુર માટે સ્પેશિયલ ટ્રેન કાયમી કરવાની માંગ, મહારાષ્ટ્રીયન સમાજની DRMને રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરમાં વસતા મહારાષ્ટ્રીયન સમાજના લોકોને પોતાના વતન મહાડ-પોલાદપુર જવા માટે નિયમિત રેલવે સેવા મળી રહે તે માટે હવે સ્પેશિયલ ટ્રેનને કાયમી કરવાની માંગ ઉઠી છે. ગણેશ ઉત્સવને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા થોડા સમય માટે શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ટ્રેનને હવે નિયમિત ધોરણે ચાલુ રાખવા માટે સમાજના આગેવાનોએ રેલવે તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

વડોદરા શહેરમાં મોટી સંખ્યામાં મહારાષ્ટ્રીયન સમાજના પરિવારો વસવાટ કરે છે. મહાડ-પોલાદપુર, જિલ્લા રાયગઢ સહિત મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારો સાથે તેમનો



સતત સંપર્ક રહે છે. જોકે, હાલમાં આ રૂટ પર મર્યાદિત ટ્રેન સેવા હોવાથી મુસાફરોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગણેશ ઉત્સવ દરમિયાન મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા વડોદરાથી મહાડ-પોલાદપુર તરફ સ્પેશિયલ ટ્રેન શરૂ કરવામાં આવી છે. આ ટ્રેનને મુસાફરો તરફથી સારો પ્રતિસાદ મળતાં હવે તેને માત્ર તહેવાર પૂરતી મર્યાદિત ન રાખી કાયમી ધોરણે ચાલુ રાખવાની માંગ કરવામાં આવી છે. આ મુદ્દે અખિલ મહારાષ્ટ્ર યુવક સંગઠન તેમજ મહારાષ્ટ્રીયન સમાજના આગેવાનો દ્વારા વડોદરા રેલવે ડીઆરએમને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આગેવાનોએ જણાવ્યું હતું કે વડોદરામાં મોટી સંખ્યામાં મહારાષ્ટ્રીયન સમાજ વસે છે અને પોતાના વતન તરફ અવરજવર માટે નિયમિત, સુવિધાજનક અને સીધી રેલવે સેવા ઉપલબ્ધ કરાવવી જરૂરી છે. સમાજના આગેવાનોએ રેલવે પ્રશાસનને રજૂઆત કરી હતી કે ગણેશ ઉત્સવ દરમિયાન શરૂ કરવામાં આવેલી આ સ્પેશિયલ ટ્રેન મુસાફરો માટે ઉપયોગી સાબિત થઈ રહી હોવાથી તેને કાયમી કરવામાં આવે.